દાદા ભગવાન પરિવારનું

નવેમ્બર ૨૦૧૮

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# સંપાદકીય

બાળમિત્રો,

૧૯૫૮ની એ સમી સાંજ અને સુરતનું ધસમસતું સ્ટેશન. માણસોની ભીડભાડ અને કોલાહલની વચ્ચે સ્ટેશનના બાંકડે બેઠેલા અંબાલાલભાઈને આત્મદર્શન પ્રાપ્ત થયું. ૪૮ મિનિટ માટે એમને વિશ્વદર્શન થયું. જગતનાં બધા જ ગૂઢ રહસ્યો જેવા કે હું ખરેખર કોણ છું, આત્મા શું છે, કેવો છે, પાપ પુણ્ય શું છે, જગત કયા આધારે ચાલે છે, કર્મ શું છે, એ કેવી રીતે બંધાય છે, એમાંથી છૂટાય કેવી રીતે, મુક્તિ કેવી રીતે મળે વગેરે...તમામ પ્રશ્નોના જવાબ આ ૪૮ મિનિટમાં મળી ગયા. એમની અંદર 'દાદા ભગવાન' પ્રગટ થયા. ત્યારથી લોકો એમને 'દાદા ભગવાન' તરીકે ઓળખવા લાગ્યા.

દાદાશ્રી વિષે આવું જાણ્યા પછી આપણને સહેજે ઈચ્છા થાય કે આવા જ્ઞાની પુરૂષનું બાળપણ કેવું હશે ? બાળપણથી એમના જીવનનો ધ્યેય શું હતો ? નાનપણમાં એમની વિશેષતાઓ શું હતી ?

તો આવો, આ અંકમાં મેળવીએ દાદા ભગવાનની માનવમાંથી મહામાનવ બનવાની અદ્‌ભૂત જર્નીની થોડી ઝાંખીઓ. એમના ગુણોની પ્રશંસા કરી, આપણે પણ એવા ગુણો સેવવાની ભાવના ભાવીએ.

અને તમને જાણીને આનંદ થશેકે આ મહિને 'દાદા ભગવાન'નો ૧૧૧મો જન્મદિન અડાલજમાં ભવ્ય રીતે ઉજવાઈ રહ્યો છે. જેમાં તમારે બધાએ પણ ખાસ આવવાનું છે. આવશો ને ?

-ડિમ્પલ મહેતા

# દાદા ભગવાન


વર્ષ : ૧૧, અંક : ૩
સળંગ અંક : ૧૨૩
નવેમ્બર ૨૦૧૮



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2018, Dada Bhagwan Foundation
All Rights Reserved


## અક્રમ એક્સપ્રેસ


લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# કુટુંબનો પરિચય







દાદાશ્રીનો જન્મ નવેમ્બર ૭,૧૯૦૮ના દિવસે, તરસાળી ગામે થયો હતો. એમનું નામ અપાયું - અંબાલાલ. એમના ફાધર શ્રી મૂળજીભાઈ પટેલ, બ્રોડ વિઝનવાળા અને કુળવાન હતા. અને મધર ઝવેરબા, મુલાયમ હૃદયવાળા, દયાળુ, લાગણીશીલ અને ઉંચી સમજણવાળા હતા. ફાધર-મધર પ્યોરીટીવાળું અને લોકોને મદદરૂપ થવાય, એવું જીવન જીવતા. એ સંસ્કાર બાળ અંબાલાલને મળ્યા હતા.

# નાનપણની વિશેષતાઓ

સામાન્ય રીતે નાના બાળકોને સુખ, અનુકુળતા, વૈભવ અને મોજમજા ગમે. તમને પણ ગમતું તો હશે...ગમે છે ને ? પણ બાળ અંબાલાલને આ બધું નહોતું ગમતું. તેઓ કહેતા કે, તેઓ પાછલા અવતારોમાં બધો વૈભવ જોઈને જ આવેલા છે. એટલે ભૌતિક વૈભવ પહેલેથી જ એમને જરાય ગમતો નહીં. એમને વૈભવ ભોગવવામાં નહીં, પણ જગતની હકીકત જાણવામાં રસ હતો.

## વૈભવ નહીં, ઓબ્સર્વેશનમાં રસ



નાનપણમાં અંબાલાલને "સાત સમોલીયો" ઉપનામ મળેલું.

ભણતરવાળાને એક સમોલિયો કહેવાય. એને ભણતર એકલું જ ફાવે. જ્યારે સાત સમોલીયો તો દરેક જાતનું ધ્યાન રાખે. મા-બાપની સેવા કરે, પૈસા કેવી રીતે આવે છે, ક્યાં ખોટ જાય છે, માં-બાપની શું સ્થિતિ છે, બધું લક્ષમાં હોય. એવો સાત સમોલીયો કોક જ માણસ હોય. અંબાલાલ એવા હતા.



## સાત સમોલીયો

નાનપણથી જ અંબાલાલની અસાધારણ વિચારસરણી હતી. તેર વર્ષની ઉંમરે જ એમને અસામાન્ય વ્યક્તિ (બધા કરતા તદ્દન જૂદા) થવાનો વિચાર આવેલો. અસામાન્ય એટલે સામાન્ય માણસને જે તકલીફ પડે છે, તે અસામાન્ય માણસને તકલીફ જ ના લાગે. અસામાન્ય માણસ હંમેશા બીજાની હેલ્પ માટે જ હોય.

જે કોઈ કરી શકતું નથી, તે એમને કરવું હતું. નાનપણથી એમને થતું, "દુનિયાની ચીજોના બધા બહુ જાણકાર છે. જેનો કોઈ જાણકાર ન હોય, તેના મારે જાણકાર થવું છે



## અસામાન્ય વ્યક્તિ

અંબાલાલને ઘરથી બહાર કંઈ કામ કરવા જવાનું હોય, તો આડોશી પાડોશીને પૂછી તેમના કામ જોડે પતાવી આવતા. આમ, પોતાનું કામ કરતાં કરતાં, આજુબાજુવાળાને પણ હેલ્પફૂલ થતાં. પોતાને આનંદ આવતો અને આજુબાજુવાળા રાજી થતા.

ભાદરણથી વડોદરા જાય તોયે લોકોએ મંગાવેલી ચીજવસ્તુઓ ખરીદીને લઈ જતા. પોતાના પૈસા ઉમેરીને પણ "વસ્તુ સસ્તી મળી" એમ જણાવતા. લોકોને દુઃખ ના થાય એ રીતે પોતે હેલ્પ કરતા."

## ઓબ્લાઈજીંગ નેચર





# સરળતા

એમના જીવનનો મુખ્ય ગુણ હતો સરળતા. બીજાની સાચી વાત હોય તો તરત એક્સેપ્ટ કરી લે.

તેર વર્ષના અંબાલાલ ઘોડી પર બેસવા ગયેલા. ઘોડીએ એમને પાડી નાંખ્યા.

એમણે મોટાભાઈને કહ્યું, “ઘોડીએ મને પાડી નાખ્યો.”

ભાઈએ કહ્યું, “ઘોડી એમ કંઈ તને પાડી નાખતી હશે ? તને બેસતા નહીં આવડ્યું હોય.”

આ વાત પર એમને બહુ વિચાર આવી ગયા અને સમજાયું કે વાત સાચી જ છે, પોતાને બેસતા ના આવડ્યું !

તેઓ સરળતાથી પોતાની ભૂલ સ્વીકારી લેતા અને એ ઉપદેશ આખી જિંદગી એમની જાગૃતિમાં રહેતો.

# એડજસ્ટમેન્ટ




બધાના મનનું સમાધાન કરવા તેઓ ઘણા એડજસ્ટમેન્ટ લેતા.

તેઓ જ્યારે યુવાન વયના હતા ત્યારે એકવાર ફ્રેન્ડને ત્યાં જમવા ગયેલા. ફ્રેન્ડે એમને જમવા બેસાડ્યા. તો ત્યાં જમ્યા. પાછા આવતી વખતે રસ્તામાં એક ઓળખાણવાળા મળ્યા અને એ એમને ઘરે જમવા લઈ ગયા. તો ત્યાં પણ થોડું જમ્યા. અંતે ઘરે આવીને મધર સાથે પણ જમ્યા. મધર જોડે ના જમે તો મધરને દુ:ખ થાય. એટલે આમ એક જ ટાઈમે ત્રણ-ત્રણ વખત જમેલા.

કોઈને દુ:ખ ન થાય માટે કેવું એડજસ્ટમેન્ટ !

## લોભ, લાલચ અને મમતા રહિત



ગામડામાં નાના અંબાલાલ બધા ભાઈબંધો સાથે ખેતરે જતા. મોગરી, મૂળા, શક્કરીયા વગેરે તોડીને ખાતા. ત્યાં ખાધા પછી બધા છોકરાઓ ઘરે બાંધીને લઈ જતા, પણ અંબાલાલ કશું જોડે ના લઈ જાય. સંગ્રહ કરવાની ટેવ જ નહોતી. લોભ, લાલચ મમતા પહેલેથી જ નહોતા એમનામાં.



## નીડરતા

નાના બાળકોને જેમ ભૂત, સાંપ, વીંછી વગેરેનો ભય લાગે, તેવો અંબાલાલને પણ લાગતો. પણ એમની વિશેષતા એ હતી કે, તેઓ ભયની સામે પડતા. વાસ્તવિકતામાં ભય છે કે નહીં, કયા કારણથી ભય લાગે છે, તે મૂળમાંથી શોધી કાઢતા. એમને જાત પર એવી શ્રદ્ધા હતી કે "મને કશું થાય જ નહીં."

એક વખત એમને એવી વાત સાંભળવામાં આવી કે મહુડાના ઝાડમાં ભૂત રહે છે. તપાસ કરતા જડ્યું કે એક માણસ અંધારી રાતે બીડી સળગાવતો હતો.

આમ, પોતાનો નીડર સ્વભાવ એટલે સાચું શું છે એ શોધી કાઢેલું.

એક વખત બાર-તેર વર્ષની ઉંમરે, અંબાલાલ એમના પરિવારને શાક પીરસતા હતા. એમણે સહુથી ઓછું શાક એમના ફાધરની થાળીમાં પીરસ્યું. થોડું વધારે કાકામાં મુકયું. બીજા બધાને એમનાથી વધારે મુકયું. જેથી કોઈને એમ ન થાય કે પોતાના ફાધર છે એટલે એમને વધારે આપ્યું અને અમને ઓછું.

ત્યારથી લોકો સમજી ગયેલા કે “આ છોકરો વિનયવાળો છે.”

નાની વયથી જ તેઓ સમજતા હતા કે, જગત પોતાનો અને ફાધરનો સંબંધ સમજે છે. એટલે એમને વધારે ના મૂકાય.

## વિચારશીલ



અંબાલાલ રમતો રમતા, છતાં વિચક્ષણ રહેતા. એમણે પતંગ ઉડાડવામાં કયારેય ટાઈમ બગાડેલો નહીં. તેઓ કહેતા કે પતંગ ઉડાડવામાં મજા નથી, ફાયદો નથી. ખરેખર મકરસંક્રાતિના ટાઈમમાં સૂર્ય આંખમાં દેખાય તે હિતકારી છે. માટે લોકો પતંગ ઉડાડે, તે પોતે જોતા. લોકોની દેખાદેખીથી કશું કરેલું નહીં.

ફટાકડા ફોડવામાંય એમણે તારણ કાઢેલું. રાજા પોતે ફટાકડા ફોડે કે નોકર પાસે ફોડાવડાવે ? કોઈ રાજાએ દારૂખાનું ફોડેલું નહીં. નોકરો પાસે જ ફોડાવે. માટે બીજા ફટાકડા ફોડે એ તેઓ નિરાંતે બેસીને જોતા અને આનંદ માણતા.

બાળ અંબાલાલની વિચક્ષણ બુદ્ધિમાં હિત અને અહિતનો તાળો બેસી જ જતો.




## વિચક્ષણ

અંબાલાલભાઈ પાસે પ્રકૃતિનું નિરીક્ષણ કરી, પોઝીટીવ ગુણોને શોધી, વ્યક્તિઓને સુધારવાની એક અનોખી રીત હતી.

એક દિવસ એક બાળક ખુબ રડી રહ્યો હતો. અંબાલાલે એક કાગળ લીધો અને બાળકને કહ્યું, "જો આ કાગળ કેવો સરસ છે ! તારો હાથ ધર તો !" કાગળના ઝીણા ઝીણા ટુકડા કરીને, એમણે એ બાળકના નાનકડા હાથમાં આપ્યા અને બાળકને કહ્યું, "હવે, એક એક ટુકડો મને આપ જોઈએ."

બાળક કાગળના ઝીણા ઝીણા ટુકડા વીણીને એક પછી એક અંબાલાલભાઈના હાથમાં મુકતો ગયો. આવી પ્રવૃતિમાં ગૂંથાઈ જવાને કારણે તે આનંદમાં આવી ગયો અને તેનું રડવાનું ભુલાઈ ગયું.

આમ, બાળકોની પ્રકૃતિનું નિરીક્ષણ કરી, તેઓ એમના મન જીતી લેતા.



# પ્રકૃતિના નીરીક્ષક

એક વખત અંબાલાલભાઈના ભાગીદારના દીકરાને તાવ આવેલો અને એ દવા પીવાની આનાકાની કરી રહ્યો હતો.

એણે કહ્યું, "મારાથી તો આ દવા નહીં પીવાય. બહુ કડવી છે." ઉલટી થઈને બધી બહાર નીકળી જશે. અંબાલાલભાઈએ સમજાવ્યું, "જો, એવી ભડક રાખવાની નહીં. હે ભગવાન મને કડવી દવા પીવાની શક્તિ આપો." એવું પાંચ વાર બોલીને પી જા, કશું નહીં થાય.

ભાગીદારનો દીકરો અંબાલાલભાઈના કહેવા મુજબ પાંચ વાર બોલીને દવા પી ગયો. પણ એને લાગ્યું, "હમણાં ઉલટી થઈ જશે."

અંબાલાલભાઈએ એને સમજાવ્યું, "ના થાય ! એવું ઊંધું વિચારવાનું જ નહીં. પોઝીટીવ જ રાખવાનું કે આ દવાથી તાવ મટી જવાનો છે."

આમ, અંબાલાલભાઈ બાળકોને પ્રેમથી સાચી સમજણ આપી, ઊંધી માન્યતાઓમાંથી છોડાવતા.



# આજના જનરેશન માટે દાદાના શબ્દો

"આવો યુવા વર્ગ કોઈ કાળે હતો નહીં એવો છે, કે જે યુવા વર્ગ ચોખ્ખો છે, પ્યોર છે."

"આજનું જનરેશન હેલ્ધી માઈન્ડવાળું છે. હું એમને ઓળખી શકું છું સારી રીતે."

"આ કુદરતનો ઉપકાર છે કે આ જનરેશન બિલકુલ હેલ્ધી માઈન્ડની પાકી છે. કોઈ વખત પાકે નહીં અને પાકે ત્યારે વર્લ્ડનું કલ્યાણ કરે. આને માર્ગદર્શન આપનાર જોઈએ."

"જો માર્ગદર્શન આપે તો આ હિંદુસ્તાન ઓલરાઈટ (બરાબર) થઈ જાય અને માર્ગદર્શન આપનારો મળી આવશે હવે થોડા વખતમાં."

















દાદાશ્રીની ભાવના પ્રમાણે, આ હેલ્ધી માઈન્ડવાળી જનરેશનને પ્રેમ અને વાત્સલ્ય સાથે સાચું માર્ગદર્શન પૂરું પાડવાનું બીડુ, પૂજ્ય નીરુમાએ ઝડપ્યું. અને પૂજ્ય દીપકભાઈએ બાળકોની પ્રવૃતિને આગળ વધારવાનું કામ કર્યું. નીરુમા બાળકોની શિબિરો કરતા. દરેકને પર્સનલ ટચ આપતા. એમના શુદ્ધ પ્રેમથી બાળકો આપોઆપ જ ખેંચાઈ આવતા.

ત્યાર બાદ પૂજ્યશ્રીએ, બાળકોને સાચી સમજણ, એમના લેવલે મળે એ માટે GNC "જ્ઞાનીની છાયામાં"...ની શરૂઆત કરી. આજે ગામેગામ GNC સેન્ટરો ખૂલ્યા છે. જેમાં ઉંમર પ્રમાણેના ગ્રુપ્સ બનાવવામાં આવ્યા છે. એકદમ નાના બાળકો માટે BMHT(બેબી મહાત્મા), નાના બાળકો માટે LMHT (લિટલ મહાત્મા) અને યુવા વર્ગ માટે YMHT(યંગ મહાત્મા). આજે હજારો બાળકો એનો લાભ લઈ રહ્યા છે. જ્ઞાનીના વિશુદ્ધ પ્રેમની છત્રછાયામાં ખીલી રહ્યા છે.

GNC માં બાળકોને લગતી બધી ઈવેન્ટ્સ, એક્ટિવિટીઝ અને મટીરીયલ્સ (બાલવિજ્ઞાન) પૂજ્યશ્રીની દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવે છે. પરમ પૂજ્ય દાદાશ્રીના શબ્દો અને ભાવનાઓને ધ્યાનમાં રાખીને પૂજ્યશ્રી દીપકભાઈ યોગ્ય માર્ગદર્શન આપતા રહે છે. પરમ પૂજ્ય દાદાશ્રીની અને પૂજ્ય નીરુમાની પ્રેમ સાથે સંસ્કારનું સિંચન કરીને બાળકોને ખીલવવાની કળા પૂજ્ય દીપકભાઈએ જોયેલી અને અનુભવેલી. તેને GNC ના માધ્યમથી દરેક બાળકને પહોંચે તેવી ઉમદા ભાવના છે. દાદાએ બતાવેલી સુખની સરળ ચાવીઓ બાળકોને પણ પહોંચે છે.

બાળદોસ્તો ! આ તમારું મનગમતું "અક્રમ એક્સપ્રેસ" પણ એનો જ એક ભાગ છે ને !






Ticketing



**એવા** આપણા વહાલા દાદાશ્રીનો આવનાર બર્થડે, એટલે કે એમની ૧૧૧મી જન્મજયંતિ આપણા માટે કેટલો ખાસ દિવસ કહેવાય ! વળી, એ દિવસનું પોતાનું આગવું મહત્વ પણ છે. દિવાળી અને ગુરૂપૂનમની જેમ જ, જન્મજયંતિ પણ એવો પાવન દિવસ છે કે જ્યારે, દાદા ભગવાન પોતાના પૂર્ણ સ્વરૂપે પ્રગટ હોય છે. એ દિવસે એમની પાસેથી સાચા હૃદયથી જેટલી માંગીએ એટલી શક્તિઓ આપણને મળે છે. એમના એ અલૌકિક દર્શન કરવાનો લહાવો આપણે સૌ લઈએ. તો મિત્રો, એવો અમૂલ્ય અવસર કંઈ આપણાથી થોડો ચૂકાય ?

દાદાશ્રીના જન્મજયંતિના દિવસે મહાત્માઓ શોભાયાત્રા કાઢતા. ખૂબ ભક્તિથી એમાં ભાગ લેતા, પદો ગાતા, આનંદ અને ઉલ્લાસથી નાચતા...જાણે દુનિયા ભૂલી જતા. પછી દાદાશ્રીના અલૌકિક દર્શન ગોઠવાતા. વિધિ, ભક્તિ અને પ્રસાદી લઈ સૌ છૂટા પડતા.

આમ, દાદાશ્રીની જન્મજયંતિ એક મહા મહોત્સવ રૂપે ઉજવાય છે.

આવો જોઈએ દાદાશ્રીની ૧૦૦મી જન્મજયંતિની યાદગાર પળો...

આ પછી દાદાશ્રીની જન્મજયંતિ દર વર્ષે જૂદા જૂદા ગામમાં કે શહેરમાં ઉજવાય છે. ૫-૬ દિવસના આ ભવ્ય મહોત્સવમાં મોટો કિડ્સ પાર્ક ઊભો કરવામાં આવે છે જેમાં બાળકો અને યુથને મઝા પડે એવી જૂદી જૂદી એક્ટિવિટીઓ હોય. ગમ્મત સાથે જ્ઞાન આપતું આ ચીલ્ડ્રન પાર્ક છોડીને જવાનું બાળકોને ગમતું નહીં. કેવું મજાનું બર્થડે સેલિબ્રેશન આ તો !

## It's One For 111





**પણ,** ગેસ વ્હોટ ! આ વખતે તો, આપણા પરમ પૂજ્ય દાદાશ્રીની ૧૧૧મી જન્મજયંતિનું સેલિબ્રેશન છે. અને એ તો કંઈક ઓર જ જોરદાર, ધમાકેદાર થવાનું છે.

તમને ખબર છે, ક્યાં ?

આપણાં જ ઘર આંગણે ! અડાલજ ત્રિમંદિરના રમણિય વાતાવરણમાં !... તમને ખબર છે મિત્રો આપણા દાદાશ્રી પણ મૂળ અડાલજ ગામના છે...

પૂજ્યશ્રી દીપકભાઈની દિવ્ય હાજરીમાં !...એ ધરતી પર જે પૂજ્ય નીરુમાની કૃપાથી પાવન પાવન થયેલી છે....

અને મિત્રો ! આ વખતે એની ખાસિયત શું છે ખબર છે ? એનું નામ અપાયું છે - "જોવા જેવી દુનિયા"

તમારા માટે જ ખાસ બનાવેલી એ સરસ મજાની **"જોવા જેવી દુનિયા"** જોવા આવશો ને ? અમે રાહ જોઈશું તમારા બધાની.













## Spectacular Puppet Show

**કલ્ચરલ શો, લાઈવ ડ્રામા, ક્વીઝ એન્ડ ડ્રોઈંગ કોમ્પીટીશન, વન મિનિટ ગેમ્સ અને બીજું ઘણું બધું...**


KiDS KASTLE
આ
કાસલની
અંદર
આવવા
માટે મેળવી
લો તમારો
પાસપોર્ટ !


અમને બધાને
મળવા,
એનીમલ
પ્લાનેટની
મુલાકાલ લો !


ચાલો જોઈએ, કોને
મળ્યો ઓનેસ્ટ -
BEE AWARD
2D
animation

# Aage se right



આજના કાળમાં યુવાનોની
મૂંઝવણોના સમાધાન કરાવતા
YMHT સેશન અને વર્કશોપ્સની
ઝાંખી...

# Dada in my life




# Mit Sakti hai duriya

તમારી ફેમિલિનું સ્થાન તમારા સ્માર્ટ
ફોને તો નથી લઈ લીધું ને ?
હવે સમય આવી ગયો છે,
આના પર વિચાર કરવાનો !

આ ડિટેક્ટીવ ગેમ દ્વારા જીવન
જીવવાની સાચી રીત શીખો અને
તમારા જીવનના સારા પાસાઓને
ઓળખો !

Udaan

# 'Adjust Everywhere & Avoid Clashes'

ગેમ્સ રમો અને જાણો
દાદાના સિદ્ધાંતો વિશે !



# Selfie li kya ?



દુનિયાને બદલવા
માટે પોતાની
જાતને બદલો !

**Venue :** Trimandir, Simandhar City, Ahmedabad-Kalol Highway, Dist Gandhinagar, Gujarat -382421



**Save the dates :** November 15th to 25th, 2018

**Timings of GNC PARK :** 4.00 p.m to 10.00 p.m.

Akram Express

November 2018
Year : 11, Issue : 3
Conti. Issue No.: 123

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post office
on 08th of every month




<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મેગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.